# મુંબઈના મેયર દિલ્હીમાં નક્કી થશે

## ભાજપના નેતાઓ પહોંચ્યા, શિંદેના સહાયક પણ તાકીદે રવાના

નવી દિલ્હી/મુંબઈ : મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'મેયર' કોણ હશે તેનો નિર્ણય હવે મુંબઈમાં નહીં પણ દેશની રાજધાની દિલ્હીમાં લેવામાં આવશે એ સ્પષ્ટ થઈ ગયું છે.

મેયર પદને લઈને ભાજપ અને શિવસેના શિંદે જૂથ વચ્ચે ખેંચતાણ શરૂ થઈ છે. મુંબઈમાં સત્તા વહેંચણીના મુદ્દાનો ઉકેલ શોધવા માટે બંને પક્ષના નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા.

ભાજપ પાસે સૌથી વધુ બેઠકો હોવા છતાં તે બહુમતીથી ઓછી છે. બીજી તરફ શિંદે જૂથે અઢી વર્ષ માટે મેયર પદની માંગણી કરી છે.

સત્તા વહેંચણીનો વિવાદ ચાલુ હતો ત્યારે એકનાથ શિંદેએ તેમના કોર્પોરેટરોને ત્રણ દિવસ સુધી મુંબઈની એક હોટલમાં રાખ્યા હતા. ભાજપે આ અંગે પોતાના પક્ષના નેતૃત્વ સમક્ષ નારાજગી વ્યક્ત કરી હતી. હવે એવી ચર્ચા છે કે મુંબઈ મહાનગરપાલિકામાં સત્તા વહેંચણીનો ઉકેલ દિલ્હીમાં જ મળશે.

એકનાથ શિંદેના વિશ્વાસુ સાથી સાંસદ રાહુલ શેવાળે તાત્કાલિક દિલ્હી પહોંચી ગયા હતા. તેઓ ત્યાં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરી હતી. અને મુંબઈમાં સત્તાની 'વહેંચણી'ને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તેવી શક્યતા છે. એક તરફ ફૂટ પડવાના ડરથી છેલ્લા ત્રણ દિવસથી તમામ કોર્પોરેટરોને ફાઇવ સ્ટાર હોટલમાં 'કેદ' કરવામાં આવ્યા છે, તો બીજી તરફ રાહુલ શેવાળે દિલ્હીમાં ભાજપ હાઇકમાન્ડ સાથે ચર્ચા કરી રહ્યા છે.

મુંબઈ મહાનગરપાલિકાના નાણાકીય બાબતોનો હવાલો સંભાળતી મહત્વપૂર્ણ સમિતિઓ અને મેયર પદ અંગેનો અંતિમ નિર્ણય આ બેઠકમાં લઈ શકાય છે. ■

### શિંદે જૂથનું ભાવનાત્મક કાર્ડ...

ચૂંટણીમાં ભાજપ કરતા ઓછી બેઠકો મળી હોવા છતાં, શિંદે જૂથે શરૂઆતથી જ મેયર પદ માટે દાવો રજૂ કર્યો છે. શિવસેનાના વડા સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેનું જન્મશતાબ્દી વર્ષ ૨૩ જાન્યુઆરીથી શરૂ થઈ રહ્યું છે. તેથી, શિંદે જૂથે 'ભાવનાત્મક કાર્ડ' રમ્યું છે કે આ વર્ષે મેયર શિવસેનાનો હોવો જોઈએ અને આ બાળાસાહેબને સાચી શ્રદ્ધાંજલિ હશે.

### સ્ટેન્ડિંગ કમિટી કે મેયર પદ?

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે જો મેયર પદને લઈને ભાજપ સાથે તણાવ વધશે તો શિંદે જૂથ સમાધાન કરશે. શિંદે જૂથ એશિયાની સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન મુંબઈની તિજોરીની ચાવીઓ જેના હાથમાં છે એ સ્થાયી સમિતિ પર પોતાનો દાવો કરી શકે છે. આ ઉપરાંત શિંદે સુધારા, શિક્ષણ, બેસ્ટ અને આરોગ્ય જેવી મહત્વપૂર્ણ સમિતિઓ પર પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. શિંદે જૂથની આ જૂની રણનીતિ રહી છે. શરૂઆતમાં, તેઓ મોટા હોદ્દાઓની માગ કરે અને પછી, વાટાઘાટોમાં આક્રમક બનીને, એવા હોદ્દાઓ પર દાવો કરે જે તેમના માટે ફાયદાકારક હોય. જોકે આ રણનીતિએ ભાજપ છાવણીમાં અસ્વસ્થતા ફેલાવી છે.જો કે, ભાજપે સ્પષ્ટ કર્યું છે કે તે મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષ પદ માટેનો પોતાનો દાવો છોડશે નહીં. સૂત્રોએ માહિતી આપી હતી કે એકનાથ શિંદેને સંદેશ આપવામાં આવ્યો હતો કે ભાજપ કોઈપણ સંજોગોમાં મેયર પદ છોડશે નહીં અને સ્થાયી સમિતિ પર પણ પોતાનો અધિકાર જાળવી રાખશે. ■

# મુંબઈના નવા મેયર 'આ' તારીખે શપથ લેશે

મુંબઈઃ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા ત્યારથી મુંબઈના મેયર કોણ બનશે એના પર બધાનું ધ્યાન ખેંચાયું છે. ભાજપ અને શિવસેના શિંદે જૂથને બહુમતી મળી હોવા છતાં એકનાથ શિંદેએ અઢી વર્ષ માટે તેમને મેયર પદ આપવામાં આવે એવી માંગણી કરી હોવાથી મેયર પદ અંગે મૂંઝવણ ઊભી થઈ છે. ભાજપ પર દબાણ લાવવા માટે, એકનાથ શિંદેએ હોટેલ પોલિટિક્સ કરવાનો પ્રયાસ કરી પોતાના બધા નગરસેવકોને મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં ગોંધી રાખ્યા છે.

જોકે, જાણવા મળ્યા પ્રમાણે એકનાથ શિંદેની દબાણ યુક્તિઓ બહુ સફળ નથી રહી. મેયર તો ભાજપનો જ બનશે એવું હવે ખાતરીપૂર્વક કહેવાઈ રહ્યું છે. એટલું જ નહીં, મુંબઈના મેયર ક્યારે શપથ લેશે એની માહિતી પ્રકાશમાં આવી છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ દિલ્હીમાં એક અનૌપચારિક વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો છે.

ભાજપ નેતા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મુંબઈના મેયર ૩૦ જાન્યુઆરીએ શપથ લે તેવી શક્યતા છે. મેયર પદ માટે અનામત લોટરી ૨૨ જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ આ બેઠક કઈ શ્રેણીમાં ખાલી પડે છે તેના આધારે આગામી અઠવાડિયામાં મેયર પદના ચહેરાની પસંદગી કરવામાં આવશે. ૩૦ જાન્યુઆરી સુધીમાં મેયરનો શપથ ગ્રહણ સમારોહ થવાની શક્યતા છે.

આગામી બે દિવસમાં મહાયુતિના તમામ નવા ચૂંટાયેલા નગરસેવકો કોકણ ભવનમાં શક્તિ પ્રદર્શનમાં સાથે નોંધણી કરાવશે. ભાજપ અને શિવસેનાના વિજેતા નગરસેવકો કોકણ ભવનમાં શહેરી વિકાસ મંત્રાલયના કાર્યાલયમાં સાથે મળીને પાર્ટી જૂથની રચનાની સત્તાવાર નોંધણી કરાવશે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળ્યા પછી શિવસેના અને ભાજપના નગરસેવકો પહેલીવાર એક સાથે આવશે. ■

# મેયરની ચૂંટણીનું ગણિત બદલાઇ શકે, કેબિનેટમાં નવો પ્રસ્તાવ રજૂ કરાશે

મુંબઈઃ ભાજપ-શિંદે જૂથને બહુમતી મળી હોવા છતાં મેયર પદ અંગે સસ્પેન્સ યથાવત છે. હવે મેયરની ચૂંટણીના મુદ્દે મોટો વળાંક આવ્યો છે. રાજ્ય સરકાર પ્રધાનમંડળની બેઠકમાં એક નવો પ્રસ્તાવ રજૂ કરવા જઈ રહી છે. ત્યારબાદ બધા ગણિત બદલાઈ જવાના છે.

રાજ્ય સરકાર આ મુદ્દાને ઉકેલવા અને પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે એક મોટો નિર્ણય લેવાની તૈયારી કરી રહી છે. રાજ્ય પ્રધાન મંડળની આગામી બેઠકમાં મેયરની ચૂંટણીમાં કો - ઓપ્ટેડ (સ્વીકૃત) નગરસેવકોને મેયર પદની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર આપવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ નિર્ણય રાજ્યમાં મહાનગરપાલિકાઓના સત્તા સમીકરણોને સંપૂર્ણપણે બદલી શકે છે.

હાલના નિયમો મુજબ સ્વીકૃત નગરસેવકો મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ચર્ચામાં ભાગ લઈ શકે છે, પરંતુ તેમને મેયર કે ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રધાનમંડળની આગામી બેઠકમાં આ નિયમમાં સુધારો કરીને તેમને મતદાનનો અધિકાર આપવાનો પ્રસ્તાવ મંજૂર થઈ શકે છે. જો આ નિર્ણય લેવામાં આવશે તો જે પક્ષ પાસે સ્વીકૃત નગરસેવકોની સંખ્યા વધુ હશે તેમને મેયરની ચૂંટણીમાં મોટી સરસાઈ મળશે.

અનેક મહાપાલિકામાં સરકાર બનાવવા માટે બહુમતી જરૂરી હોય છે. આ પરિસ્થિતિમાં જો સ્વીકૃત નગરસેવકોના મત સ્વીકારવામાં આવે તો રાજકીય પક્ષો સરળતાથી તેમના મત હિસ્સામાં વધારો કરી શકે છે. મુંબઈ, થાણે અને પુણે જેવા મોટા શહેરોમાં, જ્યાં સત્તા સંઘર્ષ ચરમસીમાએ છે ત્યાં આ નિર્ણય પરિસ્થિતિ સમૂળગી બદલાવી શકે છે. ■

**ધનગર સમાજે વિરોધ પ્રદર્શન માટે મંજૂરી માગી**

# મરાઠા આંદોલન વખતે મુંબઈમાં થયેલી અંધાધૂંધી હાઈ કોર્ટે યાદ અપાવી

મુંબઈઃ ગયા વર્ષે મરાઠા અનામત માટે મનોજ જરાંગેની ભૂખ હડતાળ દરમિયાન પ્રદર્શનકારીઓ શહેરને અસ્તવ્યસ્ત કરી ગંદકી સાફ કર્યા વિના જ ચાલ્યા ગયા હતા એમ બોમ્બે હાઈ કોર્ટે મુંબઈના આઝાદ મેદાનમાં બીજા અનામત વિરોધ પ્રદર્શન માટે પરવાનગી માંગતી અરજીની સુનાવણી કરતી વખતે જણાવ્યું હતું.

સોમવારે એક વકીલે અનામત માટે ધનગર સમુદાય દ્વારા વિરોધ પ્રદર્શન માટે એક દિવસની પરવાનગી માંગી ત્યારે ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ અભય મંત્રીની ખંડપીઠે આ ટિપ્પણી કરી હતી. પોલીસે જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યા બાદ દીપક બોરહાડે દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી.

અરજીના સંદર્ભમાં હાઈ કોર્ટે જણાવ્યું હતું કે એક દિવસ માટે પરવાનગી માગી વિરોધીઓ વધુ સમય માટે રોકાઈ જાય છે. ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે અમને ગયા વર્ષે મરાઠા સમુદાય દ્વારા કરવામાં આવેલું વિરોધ પ્રદર્શન યાદ છે. એક દિવસ માટે પરવાનગી માંગી છ દિવસ રોકાઈ ગયા હતા. વધુ સમય રોકાઈ શહેરને અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. અમે પ્રદર્શનકારીઓને તેમના કબજા હેઠળના વિસ્તારોને સાફ કરવા કહ્યું હતું, પરંતુ તેઓ સફાઈ કર્યા વિના ભાગી ગયા અને પાલિકાને ગંદકી સાફ કરવી પડી હતી. અદાલતે અરજીની સુનાવણી ૨૮ જાન્યુઆરી પર મુલતવી રાખી છે. (પીટીઆઈ)■

# પાલઘરમાં ગુજરાતીમાં પ્રગટ નોટિફિકેશનની બબાલ

## કૉંગ્રેસ શિવસેના (યુબીટી)એ સરકાર પર નિશાન સાધ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના પાલઘરમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગુજરાતીમાં જાહેરનામાથી વિવાદ સર્જાયો છે, કોંગ્રેસે દાવો કર્યો છે કે રાજ્યમાં ટૂંક સમયમાં ગુજરાતી ભાષા લાદવામાં આવશે અને શિવસેના (યુબીટી)એ તેને ગંભીર મુદ્દો ગણાવ્યો છે. પાલઘર કલેક્ટરે ૧૯ અને ૨૦ જાન્યુઆરીએ જિલ્લામાં ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) દ્વારા આયોજિત મોરચાને ધ્યાનમાં રાખીને આ આદેશ જારી કર્યો હતો.

આ સમય દરમિયાન સાવચેતીના પગલા તરીકે હાઇવેના કેટલાક ભાગો પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે મરાઠી ભાષાને નબળી પાડવાનો કે તેનો અનાદર કરવાનો કોઈ ઈરાદો નહોતો, કારણ કે હાઇવે પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકતી મૂળ સૂચના મરાઠી ભાષામાં જારી કરવામાં આવી હતી.

નાગપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે ગુજરાતી સૂચના પર રાજ્ય સરકારની ટીકા કરી. શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે આ મુદ્દા પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસેથી સ્પષ્ટતાની માગણી કરી હતી. (પીટીઆઈ)■

# નવા કોર્પોરેટરોને ભાજપનો આદેશઃ ૮-૧૦ દિવસ માટે મુંબઈ ન છોડવા નિર્દેશ

મુંબઇઃ બીએમસી ચૂંટણી બાદ હવે મેયર પદ માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તેને ધ્યાનમાં લઈને ભાજપે તેના નવા ચૂંટાયેલા કોર્પોરેટરોને મેયર અનામત અને પદ સંબંધિત અન્ય કામોને કારણે આગામી ૮-૧૦ દિવસ સુધી મુંબઇ ન છોડવા માટે નિર્દેશ આપ્યો છે.મહારાષ્ટ્ર સરકારે મુંબઈ અને અન્ય ૨૮ નાગરિક સંસ્થાઓના મેયરની ચૂંટણી માટે તૈયારી શરૂ કરી દીધી છે, જેમાં મેયર પદ માટે લોટરી ૨૨ જાન્યુઆરીએ યોજાવાની છે. શહેરી વિકાસ વિભાગે એક આદેશ જારી કરીને જણાવ્યું છે કે લોટરીનો ડ્રો રાજ્ય સચિવાલય ખાતે યોજાશે. મહારાષ્ટ્રમાં મેયરની પસંદગી કોર્પોરેટરો દ્વારા કરવામાં આવે છે અને આ પદ રોટેશન દ્વારા અનામતને આધીન છે. ■










